# રેપો રેટ-સીઆરઆર યથાવત્ : બજારમાં નિરાશા

મુંબઈ, તા.૧૮

શેરબજાર અને ઉદ્યોગ જગતની અપેક્ષાની બિલકુલ વિરુદ્ધમાં આરબીઆઈએ આજે વધતાં જતાં ફુગાવા અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે પોલીસી રેટમાં કોઈપણ ફેરફાર કરવાનો ઈન્કાર કર્યો હતો. આનો મતલબ એ થયો કે સસ્તી લોન લેવાની યોજના બનાવી રહેલા લોકોને હાલમાં કોઈ ફાયદો નહીં મળે. આરબીઆઈએ રેપો, રિવર્સ રેપો અને સીઆરઆરમાં કોઈ ફેરફાર કર્યો નથી. રેપો રેટને ૮ ટકાના દરે યથાવત્ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જયારે સીઆરઆરમાં ૪.૭૫ ટકાના દરે યથાવત્ રાખવાનો નિર્ણય કરાયો છે. આરબીઆઈની પોલીસી સમીક્ષા જાહેર કરવામાં આવ્યા બાદ શેરબજારમાં અફડા તફડી મચી ગઈ હતી. આરબીઆઈની મધ્ય સત્ર પોલીસી સમીક્ષા આરબીઆઈના ગવર્નર ડી સુબ્બારાવે જારી કરી હતી. પોલીસી સમીક્ષામાં સુબ્બારાવે મોંઘવારી ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ અગાઉ એપ્રિલ મહિનામાં રેપો રેટમાં ૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો જેથી તમામને આશ્ચર્ય થયું હતું. આરબીઆઈના ગવર્નર ડી. સુબ્બારાવે છેલ્લા ૧૮ મહિનામાં અર્થતંત્રના નિષ્ણાંતોને અનેક વખત આશ્ચર્યચકિત કર્યા છે. સુબ્બારાવના નિર્ણય હમેશા બજારની અપેક્ષાના વિરુદ્ધમાં હોય છે.

આ વખતે પણ એમ માનવામાં આવી રહ્યું હતું કે રેપો રેટ અને સીઆરઆરમાં ઘટાડો કરવામાં આવશે. એવી અપેક્ષા હતી કે રિઝર્વ બેંક નાની અવધીના લોનના દર અથવા તો રેપોરેટમાં ૨૫ બેજિક પોઈન્ટનો ઘટાડો કરશે અને રેટને ઘટાડીને ૭.૭૫ ટકા કરશે. કેસ રિઝર્વ રેસિયોમાં પણ એક ટકા કાપ મૂકવાની અપેક્ષા દેખાઈ રહી હતી. ઉદ્યોગોએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાથી વ્યાજદરોમાં હળવી સ્થિતિ રાખવાની અપીલ કરી હતી. એસોચેમના પ્રમુખ રાજકુમાર ધૂતે




નાની અવધીના વ્યાજદરમાં ૫૦થી ૧૦૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરવાની અપીલ કરી હતી. રિઝર્વ બેંકે સીઆરઆરને યથાવત્ ૪.૭૫ ટકા રાખ્યો છે. નાણાંકીય નીતિની તેની મધ્ય ત્રિમાસિક સમીક્ષામાં આરબીઆઈએ કહ્યું છે કે ભાવી પગલાં વિદેશી પરિબળો, સ્થાનિક ઘટનાક્રમ અને ફુગાવાની સ્થિતિ પર આધારિત હશે. નિષ્ણાંતોને અપેક્ષા હતી કે આરબીઆઈ પ્રવાહી સ્થિતિ વચ્ચે રેટમાં કાપ મૂકશે. આરબીઆઈએ ધીરાણદર ૮ ટકા અને સીઆરઆર ૪.૭૫ ટકાના દરે યથાવત્ રાખી એકસપોર્ટ ક્રેડિટ રિફાઈનાન્સની મર્યાદા ૧૫ ટકાથી વધારીને ૫૦ ટકા કરી છે. ૩૦ હજાર કરોડ રૂપિયા ઠાલવવાનો નિર્ણય લેવાયો છે. આઈઆઈપીના અહેવાલ અને તાજેતરના ફુગાવાના કારણે બજારમાં પહેલાંથી જ નિરાશા હતી. આરબીઆઈના ચાવીરૂપ રેટ યથાવત્ રાખવાના નિર્ણયથી વધુ અસર થઈ શકે છે. એપ્રિલ મહિનામાં ઉદ્યોગિક ઉત્પાદન માત્ર ૦.૧ ટકા વધ્યો હતો. ઔદ્યોગિક ઉત્પાદન ૧.૭ ટકા વધવાની આગાહી કરવામાં આવી હતી. આવી જ રીતે ભારતના હોલસેલ પ્રાઈઝ ઈન્ડેકસ ફુગાવાની સ્થિતિ પણ ચિંતાજનક રહી હતી. મે મહિના માટેનો ફુગાવો ૭.૫૫ ટકા હતો. જો કે કોર ફુગાવો ઘટીને ૪.૮ ટકા થયો હતો જેથી એમ માનવામાં આવી રહ્યું હતું કે આરબીઆઈ પોલીસી સમીક્ષામાં રેટમાં ૨૫ બેજિક પોઈન્ટનો ઘટાડો કરશે. ભારતના જાન્યુઆરી-માર્ચ જીડીપી વિકાસદરમાં ઘટાડો નોંધાયો હતો અને જીડીપી વિકાસદર ૫.૩ ટકા રહેતા ઉદ્યોગ જગતને ચિંતા રહી હતી. છેલ્લા છ મહિનાના ગાળામાં આરબીઆઈએ સીઆરઆરમાં ૧૨૫ બેજિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે જે હાલ ૪.૭૫ ટકા છે. આરબીઆઈએ કેલેન્ડર વર્ષ ૨૦૧૨ની શરૂઆત બાદથી જ સરકારી બોન્ડની ખરીદી મારફતે ૧૩૫૦૦૦ કરોડની રકમ ઠાલવી છે. જે પૈકી ૬૭૦૦૦ કરોડની રકમ નવા નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ઠાલવવામાં આવી હતી. સરકારી બોન્ડની ખરીદી કરવાના આરબીઆઈના પગલાંથી બોન્ડ બજારમાં તેજી આવી હતી.

## પોલિસી રેટ યથાવત : બજારમાં મોટો કડાકો

મુંબઈ,તા.૧૮

ભારે ઉથલપાથલના કારોબારના અંતે શેરબજારમાં આજે કડાકો બોલી ગયો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૨૪૪ પોઈન્ટ ઘટી ૧૬૭૦૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૭૫ પોઈન્ટ ઘટી ૫૦૬૪ની નીચી સપાટીએ રહ્યો હતો. આરબીઆઈ દ્વારા બજારની અપેક્ષની બિલકુલ વિરુદ્ધમાં પોલિસી રેટમાં કોઈ ફેરફાર કરવામા ન આવતા શેરબજારમાં ઉથલપાથલ જોવા મળી હતી. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્ષ શરૂઆતી કારોબારમાં પ્રથમ વખત ૧૭ હજારની સપાટીને કુદાવી ગયો હતો. એવી અપેક્ષા હતી કે આરબીઆઈ રેટમાં કાપ મુકશે. પરંતુ આરબીઆઈએ રેટમાં કોઈપણ કાપ ન મૂકતા સેંસેક્સ ૨૪૪ પોઈન્ટ ઘટી ૧૬૭૦૫ની સપાટીએ બંધ રહ્યો હતો. સેંસેક્સે ફરી ૧૭ હજારની સપાટી ગુમાવી દીધી હતી. ૩૦ શેર ઈન્ડેક્ષમાં ૨૮ શેર મંદીમાં રહ્યા હતા. ૪૦૦થી વધુ પોઈન્ટની ઉથલપાથલ જોવા મળી હતી. સેંસેક્સ શરૂઆતમાં ૧૭૧૦૯ સુધી પહોંચ્યો હતો. પરંતુ બપોરના ગાળામાં આરબીઆઈઅ તેની મધ્યસત્ર પોલિસી સમીક્ષામાં વ્યાજદર યથાવથ રાખતા કડાકો ।બોલી ગયો હતો. બ્રોકરોએ કહ્યુ હતુ કે મૂડીરોકાણકારો ટુંકાગાળાના ધિરાણદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો થવાની અપેક્ષા રાખી રહ્યા હતા. એસબીઆઈ જેવા બેંકિંગ શેરોમાં પણ ઉથલપાથલ રહી હતી. એસબીઆઈના શેરમાં ૪.૩૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેંકમાં ૩.૩૪ ટકા, અને એચડીએફસી બેંકમાં ૨.૭૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. રીયલ એસ્ટેટ, કેપિટલ ગુડસ, એફએમસીજીના શેરમાં એકથી પાંચ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટમાં મૂડીરોકાણકારોની સંપત્તિ આજે ૭૫૦૦૦ કરોડ સુધી ઘટી ગઈ હતી. ડોલર સામે રૂપિયામાં નબળી શરૂઆત થઈ હતી. ઈન્ડેક્ષમાં બીએસઈ બેંકેક્સમાં ૩.૧૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે બીએસઈ રિયાલીટી ઈન્ડેક્ષમાં ૨.૭૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ડીએલએના નેતૃત્વમાં રિયાલીટી ઈન્ડેક્ષમાં કડાકો બોલી ગયો હતો. મોટાભાગના શેર મંદીમાં રહ્યા હતા. રિયાલીટી, એફએમસીજી, પીએસયૂ, પાવર, મેટલ, કેપિટલ ગુડસ, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષમાં ૧થી ૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. એસબીઆઈના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. અન્ય જે શેરમાં મોટો કડાકો રહ્યો હતો તેમા રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ઈન્ફોસિસ, ટીસીએસ અને વિપ્રોમાં પણ ઘટાડો રહ્યો હતો. જો કે તાતા સ્ટીલ અને બજાજમાં સુધારો જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. બીએસઈ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ક્રમશઃ એક ટકાનો ઘટાડો થતાં ૫૮૯૫ અને મીડકેપમાં ૦.૭ ટકાનો ઘટાડો થતા ૬૩૦૭ની સપાટી જોવા મળી હતી. એકંદરે આજે નકારાત્મક સ્થિતિ રહી હતી.

## ઉત્તર પ્રદેશમાં સાત વાગ્યા બાદ મોલ, બજાર બંધ થશે

લખનૌ,તા.૧૮


ઉત્તર પ્રદેશમાં વીજળીની કટોકટોથી લોકો બારે પરેશાન થઈ ગયા છે. વીજળીની કટોકટીને ધ્યાનમાં લઈને સરકારે રાજ્યમાં તમામ દુકાનો અને મોલ સાંજે સાત વાગે બંધ કરી દેવાનો આદેશ જારી કરી દીધો છે. આવી જ રીતે રેસ્ટોરન્ટ રાત્રે ૧૦ વાગે બંધ કરવા પડશે. સરકારે સ્ટીલ ફરનેસ અને રોલિંગ મીલોને આગામી આદેશ જારી કરવામાં ન આવે ત્યા સુધી સંપૂર્ણપણે બંધ કરી દેવાનો આદેશ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર ભારતમાં હાલ પ્રસંચ ગરમી પડી રહી છે. આના કારણે ઉત્તર પ્રદેશને બીજા રાજ્યોમાંથી વધારાનો વીજળી પુરવઠો મળી રહ્યો નથી. આવી સ્થિતિમાં સરકારે દુકાનો, મોલ, રેસ્ટોરન્ટ, સ્ટીલ ફરનેસ, સ્ટ્રીટ લાઈટ, હોર્ડિંગ્સ, સજાવટી લાઈટોમાં વીજળીના ઉપયોગ પર અંકુશ મુકવાનો નિર્ણય કર્યો છે. દુકાનો, મોલ અને રેસ્ટોરન્ટમાં વીજળીના ઉપયોગને ઘટાડવા માટે શ્રમ વિભાગે દવાની દુકાનોને બાદ કરતા અન્ય તમામ દુકાનો અને મોલ સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી જ ખોલવાના આદેશ જારી કર્યા છે. રેસ્ટોરન્ટ સવારે ૧૧થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. આદેશ તાત્કાલિક ધોરણે ૧૫ દિવસ માટે અમલી બનાવી દેવામાં આવ્યો છે. શ્રમ વિભાગે ચેતવણી આપી છે કે આદેશનો ભંગ કરનાર લોકોની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. સ્ટ્રીટ લાઈટો પણ સાંજે ૮ વાગ્યાથી સવારે ૪.૩૦ વાગ્યા સુધી જ ચાલશે. જાહેરાત સંબંધિત હોર્ડિંગો, ગ્લોસાઈન બોર્ડ અને સજાવટી લાઈટોમાં વીજળીના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આદેશનો ભંગ કરનાર સંસ્થાના વીજળીના કનેકશન કાપી દેવામાં આવશે. પારકોમાં પણ સાંજ બાદ વીજળીના ઉપયોગ ઉપર પ્રતિબંદ મુકવામાં આવ્યો છે.



## અમૂલ આ વર્ષે દૂધની કિંમત નહી વધારે : સોઢીની ખાતરી

નવી દિલ્હી,તા.૧૮

અમૂલ બ્રાન્ડ હેઠળ દુધ અને ડેરી પ્રોડક્ટનુ વેચાણ કરના ગુજરાત કોઓપરેટિવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન આ વર્ષે દુધની કિંમતમાં હવે વધારો કરશે નહીં. જીસીએમએમએફના મેનેજીંગ ડિરેક્ટર આરએસ સોઢીએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે આ વર્ષે દુધની કિંમતમાં વધારો કરવામા આવશે નહી. દુધની કિંમતો મોટાભાગે સ્થિર રહેશે કારણ કે દુધની ઉપલબ્ધા પૂરતા પ્રમાણમા છે દેશના અગ્રણી દુધ સપ્લાયર અમૂલે આ વર્ષે એપ્રિલ મહિનામા દુધની કિંમતમાં મુંબઈ, ગુજરાત અને દિલ્હીમાં લિટરદીઠ રૂપિયા બે સુધીનો વધાર કર્યો હતો. છેલ્લા નાણાકીય વર્ષમાં ગુજરાત કોઓપરેટિવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશને દુધની કિંમતમાં આશરે ૧૪થી ૧૫ ટકાનો વધારો કર્યો છે. છેલ્લા બે વર્ષમાં દુધની કિંમતમા ઉલ્લેખનીય વધારો થયો છે પરંતુ આ વર્ષે દુધનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાના લીધે દુધની કિંમતમાં વધારો કરવાની કોઈ જરૂર પડી નથી. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના જણાવ્યા મુજબ ભારત વિશ્વમાં દુધના ઉત્પાદક દેશ તરીકે છે. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષમાં દુધનુ ઉત્પાદન ૧૨૧ મિલિયન ટન રહ્યુ હતુ અને દુધના વૈશ્વિક ઉત્પાદનમાં ભારતની હિસ્સેદારી ૧૭ ટકા રહીહતી. સરકારી આંકડા મુજબ માથાદીઠ દુધની ઉપલબ્ધતા વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં દરરોજ ૨૮૧ ગ્રામ રહી હતી. જ્યારે વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં દરરોજ વ્યક્તિ દીઠ દુધની ઉપલબ્ધતા ૨૭૮ ગ્રામ હતી. દુધની પૂરતી ઉપલબ્ધતા વચ્ચે સરકારે ગયા મહિને સ્કીમ્ડ મીલ્ક પાઉડરની નિકાસ પર પ્રતિબંધને ઉઠાવી લીધો હતો. ડેરી કંપનીઓની નાણાકીય સ્થિતિને સુધારવા હેતુસર આ નિર્ણય લેવાયો હતો. દુધ ઉત્પાદકોને મદદ રૂપ થવામાં મદદ મળી હતી. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સમાન્ય લોકોને અમૂલે આ જાહેરાત કરીને રાહત આપી દીધી છે.



## આદર્શ હાઉસિંગ કૌભાંડ મામલામાં મહારાષ્ટ્ર સરકારે આજે મુંબઈ હાઈકોર્ટમાં કરેલી જોરદાર રજૂઆત

મુંબઈ,તા.૧૮

આદર્શ હાઉસિંગ કૌભાંડ મામલામાં મહારાષ્ટ્ર સરકારે આજે મુંબઈ હાઈકોર્ટમાં જોરદાર રજૂઆત કરી હતી. મહારાષ્ટ્ર સરકારે કહ્યુ હતુ કે આદર્શ હાઉસિંગ કૌભાંડમાં તપાસ કરવા સીબીઆઈને કોઈ અધિકાર નથી. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચૌહાણ, અધિકારીઓ, અને નિવૃત્ત લશ્કરી અધિકારીઓને આવરી લેતા કેસમાં એફઆઈ દાખલ કરવામા આવ્યાના આશરે દોઢ વર્ષ બાદ મહારાષ્ટ્ર સરકારે હવે સીબીઆઈના અધિકાર ક્ષેત્ર સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. રાજ્ય સરકારના વકીલ અનીલ સખારેએ કોર્ટમા કહ્યુ હતુ કે આ મામલામાં તપાસ કરવા સીબીઆઈને કોઈપણ અધિકાર ક્ષેત્ર નથી. જસ્ટિસ એસએ બોબાડે અને મૃદુલા ભટકલની બનલે ડિવિજન બેંચે એફીડેવીટ દાખલ કરવા રાજ્ય સરકારના વકીલને આદેશ કર્યો હતો અને કહ્યુ હતુ કે આ એફીડેવીટમાં જરૂરી ખુલાસા કરવા જરૂરી રહેશે. રાજ્ય સરકારે આ કૌભાંડમાં તપાસ કરવા સીબીઆઈને તેની મંજૂરી આપી નથી. તે બાબતનો ઉલ્લેખ હોવો જોઈએ તેમ પણ કહેવામા આવ્યુ છે. જ્યુડિશિયલ કમિશને પહેલાથી જ અહેવાલ સુપરત કરીને કહ્યુ છે કે જે જમીન ઉપર આદર્શ હાઉસિંગ ઈમારત બનાવવામા આવી છે તે રાજ્ય સરકારની માલિકીની છે સંરક્ષણ મંત્રાલયની નથી. જેથી સીબીઆઈ ચિત્રમાં આવી શકે નહી. દિલ્હી પોલિસ સ્પેશ્યલ એસટેબલ્સીમેન્ટ એક્ટ હેઠળ એજન્સી એ વખતે તપાસ કરી શકે છે જ્યારે રાજ્ય સરકાર અથવા તો હાઈકોર્ટ દ્વારા તપાસ સોંપવામા આવે બીજી બાજુ આદર્શ સોસાયટી તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ શેખર નાફાડેએ કહ્યુ છે કે સીબીઆઈને આ મામલામાં તપાસ કરવા કોઈ સત્તા નથી. કોર્ટે આ સંબંધમાં એક અરજી દાખલ કરવા સોસાયટીને આદેશ કર્યો છે. દરમ્યાનમાં ૩૦મી એપ્રિલના દિવસે છેલ્લી સુનાવણીમાં કોર્ટને ખાતરી આપનાર સીબીઆઈએ ૧૫મી જૂન સુધી ચાર્જસીટ દાખલ કરવા સૂચના અપાઈ હતી. તે હવે દસ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરશે.

## ૧૪મી જાન્યુઆરીથી કુંભ મેળો શરૂ કરાશે

લખનૌ,તા.૧૮


કુંભ મેળાની ૧૪મી જાન્યુઆરીથી શરૂઆત થશે અને ૧૦મી માર્ચ સુધી ચાલશે. આજે આ મુજનબી જાહેરાત કરવામા આવી હતી. ગયા વખતે કુંભ મેળાની અવધિ ૪૪ દિવસની રાખવામા આવી હતી. જ્યારે આ વખતે કુંભ મેળો ૫૬ દિવસ સુધી ચાલશે. ઉત્તર પ્રદેશ સરકારે શ્રદ્ધાળુઓને પૂરતી સુવિધા મળે તે માટે શહેરમાં મોટા પાયે ઈન્ફાસ્ટ્રકચર કામગીરી હાથ ધરી છે. આ વખતે કુંભ મેળામાં પ્રવાશીઓની સંખ્યામાં ૨૫ ટકાનો વધારો થઈ શકે છે. અગાઉ મુખ્યમંત્રી અખિલેશ યાદવે કુંભ મેળા ૨૦૧૩ દરમ્યાન ઔદ્યોગિક એકમોને બંધ રહેવાનો આદેશ કર્યો હતો. ઔદ્યોગિક એકમોના કારણે પાણીના પ્રદૂષણનો ખતરો હમેશા રહે છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પવિત્ર સ્નાન માટે સંગમમાં નદીઓમાં પાણીની અછત હોવી જોઈએ નહી. કુંભમાં દસ વિભાગોના ૩૩૩ પ્રોજેક્ટોને અમલી બનાવવામા આવશે. જે પૈકી ૧૬૨ કામગીરીને મેળાના સ્થળે હાથ ધરવામા આવશે. આ વખતે ૨૫ ટકા વધુ કામ હાથ ધરવામા આવનાર છે સંસાધનોનો પણ વધુ ઉપયોગ થશે. મુખ્યમંત્રીએ સાઈન બોર્ડ, ઓડીયો વિડિયો સિસ્ટમ સાથે તમામ વ્યવસ્થા ગોઠવવા સૂચના આપી છે.



## ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે રાષ્ટ્રપતિ ચૂંટણી નહી લડવાનો કરેલો નિર્ણય

નવી દિલ્હી,તા.૧૮

એનડીએ અને મમતા બેનર્જીની રણનીતિને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે રાષ્ટ્રપતિ ચૂંટણી નહી લડવાનો નિર્ણયકર્યો છે. કલામે આજે સાંજે સત્તાવાર નિવેદન જારી કરીને કહ્યુ છે કે એનડીએની પાસે જરૂરી બહુમતિ નહી હોવાના કારણે તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મેદાનમા ઉતારવા ઈચ્છુક નથી.કલામે તમામ પાર્ટીઓનો સમર્થન આપવા બદલ આભાર માન્યો છે. કલામના ઈન્કારથી એનડીએ અને મમતા બેનર્જીનીતકલીફ વધી ગઈ છે. હવે નવી રણનીતિ શુ હશે તેને લઈને ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. એનડીએ કોને ઉમેદવાર બનાવશે તેને લઈને પણ નવી ચર્ચા છેડાઈ ગઈ છે. એનડીએ દ્વારા કલામને મનાવવાના તમામ પ્રયાસો જારી રહ્યા હતા. પરંતુ પ્રણવ મુખર્જીની દાવેદારી સામે કલામ નબળા દેખાઈ રહ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા અડાવાણીએ બે વખત પોતાના દુત સુધીન્દ્ર કુલકર્ણીને કલામ પાસે મોકલ્યા હતા. અને વાતચીત કરી હતી. અડવાણીએ પોતે પણ કલામ સાથે વાતચીત કરી હતી.કલામે કુલકર્ણીના માધ્યમથી જ ચૂંટણીમાં મેદાનમા નહી ઉતરવાનો સંકેત આપ્યો હતો. જય લલિતા અને નવી પટનાયકના ઉમેદવાર પીએ સાંગમાને મમતા બેનર્જી અન શિવસેનાએ ટેકો નહી આપવાનો જાહેરાત કરી દીધી છે જેથી વધુ એક તકલીફ વધી ગઈ છે. પ્રણવની સામે કલામને સર્વ સમ્મત ઉમેદવાર તરીકે રજૂ કરવાની હિલચાલ ચાલી રહી હતી. દરમ્યાનમા કલામ સિવાય અન્યને ટેકો નહી આપવાની વાત કરનાર બાળ ઠાકરે સાથે પ્રણવ મુખર્જીએ વાતચીત કરી છે અને સમર્થન માંગ્યુ છે બીજી બાજુ જેડીયૂના નેતા નિતીશ કુમારે કહ્યુ છે કે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મામલે હાલમા કોઈ નિર્ણય થયો નથી. તમામની સહમતી સાથે નિર્ણય લેવાશે. નીતિશે પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ અને પ્રણવ મુખર્જીએ તેમની સાથે ફોન પર વાત કરી છે.



## સોનામાં ફરી એકવાર તેજી રહેવાના સંકેત

નવી દિલ્હી,તા.૧૮

શેરબજારમાં મંદીની સ્થિતિ અને અનિશ્ચિતતાનું વાતાવરણ થયેલું છે ત્યારે સોનામાં ફરી એકવાર તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. બજાર નિષ્ણાંતોના મત છે કે ઊંચી કિંમતમાં પણ સોનામાં મૂડીરોકાણની બાબત યોગ્ય સાબિત થઈ શકે છે. છેલ્લા એક વર્ષમાં મુંબઈમાં સ્ટાન્ડર્ડ ગોલ્ડની કિંમત છેલ્લા વર્ષે ૨૨૩૩૫ રૂપિયા હતી જે વધીને ૨૯૬૮૦ રૂપિયા થઈ છે. એટલે કે ગયા વર્ષની સરખામણીમાં સોનાની કિંમતમાં ૩૨.૮૮ ટકાનો વધારો થયો છે. આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે ગોલ્ડ એકસચેન્જ ટ્રેડેડ ફંડમાં સોનાની હિસ્સેદારીની કિંમત એક વર્ષમાં ૫૪૬૩ રૂપિયાથી વધીને ૧૦૩૧૨ રૂપિયા થઈ ગઈ છે. અલબત્ત છેલ્લા કેટલાક વર્ષથી સ્થિતિમાં કેટલોક બદલાવ આવ્યો છે. મે મહિનામાં ગોલ્ડ ઈપીએફમાં ૪૧ કરોડ રૂપિયાનો પ્રવાહ જોવા મળ્યો છે. ઊંચી કિંમતમાં સોનાની ખરીદી યોગ્ય છે કે કેમ તેવો પ્રશ્ન તમામ લોકોને સતાવી રહ્યો છે. આના જવાબમાં ક્વાનટામ એએમસીના ફંડ મેનેજર ચિરાગ મહેતાનું કહેવું છે કે મૂડીરોકાણકારોને પોર્ટફોલિયોના ડાયવર્સિફિકેશનના હેતુથી સોનામાં રોકાણ કરવું જોઈએ. નિષ્ણાંતોનો મત છે કે દુનિયાભરમાં સરકારે ખાધમાં ચાલી રહી છે. સાવરેન ડેટ ક્રાઈસીસને જોઈને સોનાની કિંમત ઊંચી રહે તેમ માનવામાં આવે છે. ભારતીય રૂપિયામાં સતત ડૉલર સામે ઘટાડો થતાં સોનાનું મહત્વ વધી રહ્યું છે. ઓગસ્ટ ૨૦૧૧માં સોનાની કિંમત ૧૬૨૧ ડૉલર પ્રતિ ઓન્સ હતી જે ત્રણ ટકા ઘટીને ૮મી જૂનના દિવસે ૧૫૭૧ ડૉલર થઈ ગઈ છે પરંતુ રૂપિયામાં સોનાની કિંમતને જોવામાં આવે તો કિંમત ૨૨૩૩૫ રૂપિયાથી વધીને ૨૯૬૮૦ રૂપિયા થઈ ગઈ છે.



### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

લુણાવાડાના શ્રી અરવિંદ સેન્ટરમાં મંત્રી અને ચેરમેન તરીકે પણ રસપ્રદ કામગીરી બજાવી છે. સમગ્ર જિલ્લાની અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં 'શ્રી અરવિંદ અને શ્રીમાતાજી' ના વિચારોના સંદર્ભમાં અવારનવાર મિત્રો સાથે વક્તવ્યો આપવા જાય છે. આકાશવાણી ગોધરા પણથી શ્રી અરવિંદ સવાસો (વર્ષ) નિમિત્તે આપેલ વ્યાખ્યાનો પહેલાના મૂળ લેખોમાંથી આ પુસ્તક પ્રગટ કરવાનો વિચાર આવતા તેઓ આ પુસ્તકને કાકા-કાકીના કરકમલમાં અર્પણ કરી ઋણ અદા કરવાનો વિવેક વાપરી રહ્યાનું ગૌરવ લઈ રહ્યાં છે. જે અભિનંદનીય છે.

મનોજકુમાર શાહ સાહિત્ય, શિક્ષણ, સમાજસેવા ક્ષેત્રોમાં બહોળી પ્રસિધ્ધિ મેળવી ચૂક્યા છે. વિશેષમાં તેઓશ્રી અરવિંદના યોગ અને તત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી અને સાધક પણ છે. શ્રીમા.શ્રી અરવિંદના શિક્ષણ અને યોગ વિષય ઉપરના તેમના વિવિધ સંસ્થાઓ, શાળાઓ તથા આકાશવાણી જેવા સંચાર માધ્યમો ઉપર આપવામાં આવેલા પ્રવચનો જગસમૂહમાં ખૂબ પ્રસંશાપાત્ર થયા છે. આ પૈકી આકાશવાણી ઉપર અપાયેલા પ્રવચનોને કેન્દ્રમાં રાખી શ્રી અરવિંદ-શ્રીમા તથા અન્ય ઉચ્ચતર લખાણોને સમાવતા પુસ્તક 'શ્રી અરવિંદ અને...' ના પ્રકાશન દ્વારા પ્રો.મનોજભાઈ પ્રગતિના માર્ગે આગળ વધ્યા છે. તે તેમના ઉમદા સ્વભાવની દેન છે. નિખાલસ, સરળ અને સારા ગજાના મહેરામણના મોતીસમા સર્જકને સલામ છે!

## દરેક પરિવારમાં એકનું બેંક ખાતું રાખવાની નવી સૂચના

મુંબઈ, તા.૧૮

એક મહત્વકાંક્ષી હિલચાલના ભાગરૂપે નાણા મંત્રાલયે દરેક પરિવારમાં એક વ્યક્તિ ખાતુ રાખે તેની ખાતરી કરવા બેંકોને સુચના આપી દીધી છે. દેશભરમાં દરેક પરિવારમાં એક વ્યક્તિ આગામી છ મહિનામાં એક બેંક ખાતુ રાખે તેની ખાતરી કરવા સુચના આપવામાં આવ્યા બાદ બેંકોએ પણ આ દિશામાં કવાયત હાથ ધરી દીધી છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ પાંચ પરિવારોમાં માત્ર ત્રણ પરિવાર જ દેશમાં બેંક ખાતુ ધરાવે છે. અથવા તો ૪૦ ટકા પરિવાર બેંકિંગ વ્યવસ્થામાં સામેલ નથી. નાણા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે દરેક પરિવારમાં એક વ્યક્તિ બેંક ખાતુ રાખે તે દિશામાં આગળ વધવાની જરૂર છે. નાણા મંત્રી પ્રણવ મુખર્જી અને જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓની ૧૨મી જુનના દિવસે મહત્વપૂર્ણ મિટિંગ મળી હતી. જેમાં એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે આગામી છ મહિનાની અંદર દરેક પરિવારમાં એક વ્યક્તિ બેંક ખાતુ રાખે તે જરૂરી છે. નાણા સેવાના વિભાગમાં વધારાના સચિવ સુનિલ સોનીએ માહિતી આપતા કહ્યું છે કે આ મિટિંગમાં અન્ય તમામ પાસાઓ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યુ હતું કે દરેક પરિવાર માટે બેંક ખાતાથી સરકારને મદદ મળશે. સાથે સાથે પગાર, સપ્લાયરોને ચુકવણી જેવી બાબતોમાં મદદ મળશે. સાથે સાથે ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફરમાં પણ મદદ મળશે. સરકારમાંથી તમામ ચુકવણી ઈલેક્ટ્રોનિકલી રીતે કરવામાં આવનાર છે. લિકેજને ઘટાડવાના હેતુસર આ વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે. તેમણે ઉમેર્યુ હતું કે નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર મારફતે ૧ લાખથી ઓછી તમામ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફરની પ્રક્રિયાથી ફંડની પ્રક્રિયા સસ્તી થશે. બેંકો સરળતાથી આ ટાર્ગેટ કરી શકે.

## સ્થાનિક વિમાની ભાડામાં ૫-૨૦ ટકા સુધીનો ઘટાડો થવાનો સંકેત

નવી દિલ્હી,તા.૧૮

સરકારે આજે જણાવ્યુ હતુ કે ભારતીય એરલાઈન્સો સ્થાનિક ભાડામાં ૫-૨૦ ટકા સુધીનો ઘટાડો કરી શકે છે. વિમાની યાત્રા સસ્તી થવાના સંકેત મળતા વધુ પ્રમાણમાં વિમાની યાત્રા કરતા લોકોને રાહત મળી શકે છે. સરકાર દ્વારા જારી કરવામા આવેલા નિવેદનમાં જણાવવામા આવ્યુ છે કે એરલાઈન્સ ભાડામાં ૫થી ૨૦ ટકા સુધીનો ઘટાડો કરશે. યાત્રિક ટ્રાફિકમાં મે ૨૦૧૨માં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. સરકારનુ કહેવુ છે કે સ્થિતિને હળવી કરવા પૂરતા પગલા લેવામા આવે તેવી શક્યતા છે. સ્થાનિક એરલાઈન્સના મુખ્ય કારોબારી અને સેક્ટરના રેગ્યુલેટરની મીટિંગ બાદ જારી કરવામાં નિવેદનમાં જણાવવામા આવ્યુ છે કે એરલાઈન્સોને સમય બદ્ધ રીતે ઉપરોક્ત મુદ્દાઓ તરફ ધ્યાન આપવા સ્પષ્ટ સૂચના આપવામા આવી છે. ભારતમાં વિમાની ભાડા ખુબ ઉંચા હોવાની દલીલ વારંવાર કરવામા આવે છે.

